# <u>કૃષિ મહાવિદ્યાલય -વ- કૃષિ પોલિટેકનીક, વસો ખાતે વિશ્વ જળ અને વિશ્વ વન દિવસની ઊજવણી કરાઈ</u>

માનવ અસ્તિત્વ ને ટકાવી રાખવા માટે ખુબ જ જરૂરી એવા પ્રાકૃતિક સંશાધનો જેવા કે જળ અને વૃક્ષોની જાળવણીનો સંદેશ ઘેર ઘેર પહોંચે તેવા ઉમદા આશય થી વિશ્વ વન દિવસ અને વિશ્વ જળ દિવસની ઊજવણીના ભાગ રૂપે કૃષિ મહાવિદ્યાલય -વ- કૃષિ પોલિટેકનીક, આણંદ કૃષિ યુનિવર્સીટી, વસો ખાતે પોસ્ટર અને વકતૃત્વ  સ્પર્ધાઓ તારીખ ૨૨ માર્ચ, ૨૦૧૮ ના રોજ યોજવામાં આવેલ હતી.  આ સ્પર્ધાઓમાં ભાગ લીધેલ વિદ્યાર્થીઓ દ્વારા ખુબ જ સુંદર કલાત્મક રીતે સંદેશાઓ દર્શાવતા પોસ્ટર તેમજ વકતૃત્વ સ્પર્ધામાં **"જળ એજ જીવન (Water Is Life)"** અને **"મારું હરિયાળું વિશ્વ (My Green Planet)"** વિષયો પર પોતાના વિચારો રજૂ કરેલ હતા. તારીખ ૨૩ માર્ચ, ૨૦૧૮ ના રોજ શ્રી એ. એમ. પરમાર, નાયબ વન સંરક્ષણ અધિકારી (ખેડા જીલ્લા) નું **"વૃક્ષો અને માનવીય અસ્તિત્વ"** વિષય પર ખાસ વ્યક્તવ્ય રાખેલ હતુ જેમાં તેમણે માનવ જીવનમાં વૃક્ષો અને પાણીનું મહત્વ તેમજ જાળવણી માટેની વિસ્તૃત માહિતી આપેલ હતી. વધુમાં આ પ્રસંગે નાયબ વન સંરક્ષક શ્રી એ. એમ. પરમાર અને કોલેજનાં આચાર્ય ડૉ. વાય. એમ. શુક્લા સાહેબે પોસ્ટર અને વકતૃત્વ સ્પર્ધામાં વિજેતા થયેલ વિધાર્થીઓને પુરસ્કાર આપીને સન્માનિત કર્યા હતા.




WORLD WATER DAY




21 MARCH
INTERNATIONAL DAY OF FORESTS 2018
FORESTS AND SUSTAINABLE CITIES
Let's make our cities greener, healthier, happier places to live!
:: Organiser ::
College of Agriculture & Polytechnic in Agriculture
Anand Agricultural University
Vaso – 387380, Dist. Kheda, Gujarat






nic in Agriculture
iversity
a, Gujarat